## વ્યારાના મે. એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, તાપી મુ.વ્યારા.

**ફો.કે.નં.:-૬૬૮/૨૦૨૬**

**આંક- ૦૫**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી-રવિન્દ્રભાઈ લાલસિંગભાઈ પટેલ**
**સરનામુ -વ્યારા જુનુ ઢોડિયાવડ,નિશાળ ફળીયુ, તા.વ્યારા, જી.તાપી.**

**ગુનો :- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ.**

# ઠરાવ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬ (૧) (બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી કે કોઈ સ્થિર આવક નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને માનસીક તનાવમાં દારૂ પી લીધેલાનુ કબુલ કરે છે. વધુમાં જણાવે છે કે અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારા-મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૬) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયખાતો હોવા સંદર્ભેનો આરોપી સામે આક્ષેપ છે. આરોપી વિરુધ્ધ ફરિયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા – મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરિયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકરી ડોકટર સાહેદ અને સરકરી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

==========================================================================

**–: હુકમ :–**

==========================================================================

(૧) આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ.૨૭૫ અન્વયે **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૨૦૦/– (અંકે બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન – ૭ (સાત)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે–જુલાઇ– સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૬**

**સ્થળ–વ્યારા**

**(મનિષ દિલીપભાઈ નંદાણી)**

**એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**

**તાપી મુ.વ્યારા**

**[GJ–00847]**